# ડીસામાં પોલીસ જવાને દિવ્યાંગ પરીક્ષાર્થીને ઊંચકીને રૂમમાં બેસાડ્યો

**પોલીસ જવાનની માનવતાના ચોમેર વખાણ**



આજે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિન સચિવાલય ક્લાર્ક અને ઓફિસ આસિસ્ટન્ટની પરીક્ષા યોજાઇ હતી. જેમાં બનાસકાંઠા જિલ્લાના ડીસામાં પોલીસની માનવતાના દર્શન થયા હતા. ડીસાની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં પોલીસકર્મીએ દિવ્યાંગને ઊંચકી લઈ જતાનો વીડિઓ વાયરલ થયો છે.

બનસકાંઠાના ડીસામાં એક પોલીસકર્મીએ સેવા સુરક્ષા અને શાંતિનું સૂત્ર સાર્થક કરી બતાવ્યુ છે. આજે રાજ્યભરમાં બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા યોજાઈ હતી. ત્યારે ડીસાની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં એક વિકલાંગ ઉમેદવારને પોલીસકર્મી હરેશ માળીએ ઊંચકીને પરીક્ષારુમમાં બેસાડ્યા હતા. પોલીસકર્મીની માનવતાના ચોમેર ભરપૂર વખાણ થઈ રહ્યા છે.

# વડગામના પૂર્વ ધારાસભ્ય મણિલાલ ભાજપમાં જોડાયા

**ચૂંટણી પહેલા કોંગ્રેસને ડબલ ઝટકો : કોંગ્રેસના પૂર્વ નેતા કૈલાશ ગઢવીએ પહેરી આપની ટોપી**




અમદાવાદ, તા.૨૪

ચૂંટણી આવતા જ પક્ષપલટાના ખેલ શરૂ થઈ છે, ગુજરાતમાં હાલ એક્ટિવ ત્રણ મોટી રાજકીય પાર્ટીમાં એકબીજાના ઉમેદવારોનું આવનજાવન શરૂ થઈ ગયુ છે. ત્યારે આ પક્ષપલટાની મોસમમાં કોંગ્રેસને આજે રવિવારે ડબલ ઝટકો લાગ્યો છે.

કોંગ્રેસના પૂર્વ પ્રવક્તા અને સિનિયર નેતા કૈલાશ ગઢવી આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. તો બીજી તરફ, વડગામના પૂર્વ ધારાસભ્ય મણિલાલ વાઘેલા ભાજપમાં જોડાયા છે. આમ, આજે ૨૪ એપ્રિલે એક જ દિવસમાં કોંગ્રેસના બે મોટા નેતાઓએ પાર્ટી છોડી છે. જે નેતાઓની નારાજગી બતાવે છે.

ઓલ ઈન્ડિયા પ્રોફેશનલ્સ કોંગ્રેસના પૂર્વ નેતા કૈલાસ ગઢવી છઇઁ માં જોડાયા છે. કૈલાસ ગઢવી તેના સમર્થકો સાથે આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. ઈસુદાન ગઢવી અને છઇઁ ગુજરાતના ચૂંટણી ઈન્ચાર્જ ગુલાબસિંહની હાજરીમાં તેઓ આપમાં સામેલ થયા હતા. આપમાં જોડાયેલા કૈલાશ ગઢવીએ જણાવ્યું કે, આજે નવી ઈનિંગ રમવા જઈ રહ્યો છું. આજે ૨૭ વર્ષ સુધી વિરોધ પક્ષ કોંગ્રેસ ભાજપને હરાવી શકી નથી. કોંગ્રેસમાં જીતવાની કમી છે. છેલ્લી ઘડીએ જીતનારાને બદલી દેવામાં આવતા હતા. ૨૦ સીટો જીતવા લાયક હતી જે પાર્ટીએ જીતનારાને ન આપી અને હારી ગયા.

તો બીજી તરફ, વડગામના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મણિલાલ વાઘેલા ભાજપમાં જોડાયા હતા. ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે મણિલાલ વાઘેલાને ખેસ પહેરાવી ભાજપમાં આવકાર આપ્ય હતો. વડગામના પૂર્વ ધારાસભ્ય મણિલાલ વાઘેલા વિધિવત રીતે ભાજપમાં જોડાયા. વડગામના મગરવાડામાં ભાજપના વિજય વિશ્વાસ સંમેલનમાં સીઆર પાટીલના હસ્તે ખેસ પહેરી મણિલાલ વાઘેલાએ કેસરિયા કર્યા. જેમાં મણીલાલ વાઘેલાએ કહ્યું કે, વડગામનો વિકાસ થાય તે માટે હું ભાજપમાં જોડાયો છું. મારે ટિકિટ બાબતે કોઈ જ ચર્ચા નથી થઈ. પણ પાર્ટી જેને પણ ટિકિટ આપે તેને અમે જીતાડીશું.

મહત્વનું છે કે, વિધાનસભાની ચૂંટણી પહેલાં તડજોડની રાજનીતિ તેજ થઈ છે..ત્યારે મણિલાલ વાઘેલના કેસરિયાથી કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસમાં નારાજગીનો દોર યથાવત છે. રોજેરોજ કોઈને કોઈ નેતાઓની પક્ષ પ્રત્યે નારાજગીના સૂર ઉઠી રહ્યાં છે. જેમાં કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલ પણ બાકાત નથી. હાલ તેઓ પણ કોંગ્રેસના સિનીયર નેતાઓની કામગીરીથી નારાજ છે. આ નારાજગી હવે પક્ષપલટામાં પરિણમી રહી છે.

# રાજ્યમાં ચાર દિવસ આકરી ગરમી પડવાની આગાહી

**રાજ્યમાં ચાર દિવસ સુધી અગનજ્વાળા વરસશે : એપ્રિલ મહિનામાં જે ગરમી પડી રહી છે તે પ્રમાણે મે મહિનામાં ગરમી વધારેને વધારે આકરી સાબિત થશે**

ગાંધીનગર, તા.૨૪

એપ્રિલનો અંત નજીક છે એવામાં મહત્તમ તાપમાનનો આંકડો અમદાવાદ સહિત રાજ્યભરમાં ઘણો ઊંચો જઈ રહ્યો છે.

શનિવારે અમદાવાદમાં તાપમાન ૪૧.૫ ડિગ્રી નોંધાયું હતું જે આજે ૪૨ ડિગ્રીએ પહોંચશે તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. રાજ્યની રાજધાની ગ્રીન સિટી ગાંધીનગરમાં શનિવારે ગરમીનો પારો ૪૨ ડિગ્રી પર પહોંચી ગયો હતો. આગમી દિવસોમાં રાજ્યનું તાપમાન વધુ ઊંચું જશે, જેના લીધે યલો અને ઓરેન્જ એલર્ટની પણ ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગે આગામી અઠવાડિયા દરમિયાન રાજ્યનું તપામાન ૪૪ ડિગ્રી પર પહોંચવાની સંભાવના પણ વ્યક્ત કરી છે.

સામાન્ય કમોસમી વરસાદ બાદ રાજ્યમાં ફરી એકવાર ગરમી આકરી બની રહી છે. ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી આકરો તાપ સહન કરવો પડશે. જેમાં આજે તથા આવતીકાલે ગરમીનું પ્રમાણે ૪૨ ડિગ્રી જ્યારે તે પછીના દિવસો એટલે કે મંગળવાર અને બુધવારે તાપમાન ૪૪ ડિગ્રી પહોંચવાની આગાહી કરાઈ છે. રાજ્યમાં ત્રણ દિવસ માટે યલો એલર્ટ જ્યારે તે પછી બે દિવસ ઓરેન્જ એલર્ટની ચેતવણી આપવામાં આવી છે.

રાજ્યમાં ગરમીના પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે. જમાં એક દિવસ તાપમાન ૪૦ ડિગ્રીથીનીચે નોંધાયા બાદ ફરી એકવાર સૂરજદાદા વધારે આકરા બની રહ્યા છે. અમદાવાદની સાથે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આગામી પાંચ દિવસ ગરમીનું જોર રહેશે.

IIPH ગાંધીનગરના પ્રોફેસર દિલીપ માવળંકરે જણાવ્યું કે, અમદાવાદ સહિત અન્ય જગ્યા કે જ્યાં ભારે ગરમી પડી રહી છે તેના માટે હીટ એક્શન પ્લાન્ટ જાહેર કરવો જોઈએ. પરંપરાગત રીતે મે મહિનામાં ગુજરાતમાં ભારે ગરમી રહે છે, જોકે હવે એપ્રિલમાં પણ કાળઝાળ ગરમી પડે છે. હવે આના પરથી વિચારી શકાય કે આવતા મહિને કેવી સ્થિતિ હશે. સામાન્ય રીતે એવું જોવા મળે છે કે શરુઆતની આકરી ગરમી વધુ મોતનું કારણ બને છે. તેમણે જણાવ્યું કે, સરકારે નાગરિકોને ભારે ગરમી અંગે જાગૃત કરવા જોઈએ. આ સાથે ગરમીના કારણે કેટલી ગંભીર અસર થાય છે અને બપોરના સમયે બહાર ફરતી વખતે લોકોએ કાળજી રાખવી જોઈએ.

# રાધનપુરમાં કિંજલ દવેના કાર્યક્રમમાં ખુરશીઓ ઉછળી

**યુવાનોનો ખુરશીઓ ઉછાળતો વિડીયો વાયરલ : સરકારના પ્રવાસન નિગમ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સંગીતના કાર્યક્રમનું આયોજન કરાયું હતું**

પાટણ, તા.૨૪

રાધનપુર કાતે લોકગાયિકા કિંજલ દવેનો સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કિંજલ પર ચલણી નોટો વરસાદ તો થયો પરંતુ અહીં કેટલાક ચાહકો તો એવા ઝૂમી ઉઠ્યા કે પડાપડી કરવા લાગ્યા હતા. ખુરશીઓ ઉછાળતા કેટલીક તો તૂટી પણ ગઈ હતી. યુવાનોએ ખુરશીઓ ઉછાળતા અફરાતફરી પણ મચી ગઈ હતી. જેનો વિડીયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. નોંધનીય છે કે, રાજ્ય સરકારના પ્રવાસન નિગમ દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત રાધનપુરની અમર જ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ કોલેજ ખાતે લોકગાયિકા કિંજલ દવેના સંગીતના કાર્યક્રમનું આયોજન



કરવામાં આવ્યું હતું. એકાએક કેટલાંક અસામાજીક તત્વોએ હોબાળો મચાવ્યો હતો. કિંજલ દવેનો ડાયરો સાંભળવા માટે આવેલા લોકોએ ધમાલ મચાવી હતી. ખુરશીઓ ઉછાળી હોવાનો વિડિયો પણ સામે આવ્યો છે.

મળતી માહિતી અનુસાર રાધનપુર કિંજલ દવેના ડાયરાનું આયોજન કરાયું હતું, કિંજલ દવેના ગીત ચાલુ થતાં કેટલાક અસામાજીક તત્વોએ રીતસરની કાર્યક્રમમાં પ્લાસ્ટિકની ખુરશીઓ ઉછાળી હતી અને કાર્યક્રમની મજા બગાડવાનો પ્રયાસ કર્યો હતો. આ લોકો કોણ હતા અને ક્યાંથી આવ્યા તે અંગે હજી કોઈ માહિતી મળી નથી. સમગ્ર મામલે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ તે અંગે પણ હજી કોઈ માહિતી સામે આવી નથી. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ કિંજલ દવેના કાર્યક્રમમાં આ પ્રકારનો વિવાદ થઈ ચૂક્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમુક વર્ષો પહેલા માઉન્ટ આબુ પાસે એક સંગીત કાર્યક્રમ દરમિયાન કિંજલ દવે પર હુમલાના પ્રયાસની ઘટના સામે આવી હતી. જેને લઈને આબુરોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાઈ હતી. એટલું જ નહીં, કોરોના દરમિયાન પણ સરઘસને લઈને કિંજલ દવે વિવાદમાં આવી હતી.

# સાક્ષીઓના અભાવે સંતરામપુર રજવાડાની સંપત્તિનું વીલ અટક્યું

**વીલ મામલામાં હાઈકોર્ટમાં પહોંચ્યા રાજવી : હાઈકોર્ટે જે મુખ્ય પ્રશ્નો ઉઠાવ્યા છે તે પૈકી એક એ છે કે શું સાક્ષીઓની ગેરહાજરીમાં વિલની ચકાસણી થઈ શકે છે**

અમદાવાદ, તા.૨૪

સંતરામપુર રજવાડાના અગાઉના રાજવી પરિવારના એકમાત્ર વારસદારે તાજેતરમાં ત્રણ દાયકા પહેલા અવસાન પામેલા તેમના પિતા દ્વારા કરાયેલા વસિયતનામાની ચકાસણી માટે ગુજરાત હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. અગાઉ, બે નીચલી અદાલતોએ પરંજયાદિત્યસિંહ પરમાર (૫૦) દ્વારા તેમના પિતા અને સંતરામપુર એસ્ટેટના ભૂતપૂર્વ શાસક, કૃષ્ણકુમારસિંહ દ્વારા ૧૫ જુલાઈ, ૧૯૯૧ના રોજ મુંબઈમાં કરાયેલા વિલની પ્રોબેટ આપવા માટેની અરજીઓ ફગાવી દીધી હતી. તેમના એકમાત્ર પુત્રના નામે વસિયતનામું કર્યાના થોડા મહિના પછી કૃષ્ણકુમારસિંહનું અવસાન થયું.

પરમારે હાઈકોર્ટ સમક્ષ અપીલ દાખલ કરી છે કારણ કે વસિયતને કોઈ પડકાર ન હોવા છતાં અને તેઓ એકમાત્ર કાયદેસરના વારસદાર હોવા છતાં, નીચલી અદાલતોએ વિલની પ્રોબેટ આપવાની તેમની માંગને ફગાવી દીધી હતી. આનું કારણ એ હતું કે પરમાર તેના પિતા દ્વારા વસિયતનામું ચલાવવામાં આવી રહ્યું હતું ત્યારે હાજર રહેલા બે સાક્ષીઓમાંથી કોઈપણની જુબાની મેળવી શક્યા ન હતા.

હાઈકોર્ટે જે મુખ્ય પ્રશ્નો ઉઠાવ્યા છે તે પૈકી એક એ છે કે શું સાક્ષીઓની ગેરહાજરીમાં વિલની ચકાસણી થઈ શકે છે.

બે પ્રમાણિત સાક્ષીઓની ઉપલબ્ધતા ન હોવાના આધારે નીચલી અદાલતોએ તેમની વિનંતીને નકારી કાઢી હતી કે કેમ તે અંગે હાઈકોર્ટ વિચારણા કરશે અને જ્યારે પરમારનું નામ એક્ઝિક્યુટર અને વીલના લાભાર્થી અને એકમાત્ર જીવિત વારસદાર તરીકે રાખવામાં આવ્યું ત્યારે તેમની વિનંતીને નકારી શકાય કે કેમ તેની માંગ સામે કોઈ વાંધો નથી. હાઈકોર્ટ એ પણ નક્કી કરશે કે શું પરમાર તે વ્યક્તિઓના મૌખિક પુરાવા દ્વારા તેના પિતાની સહી સાબિત કરી શકે છે કે જેઓ વસિયતનામું કરનારના હસ્તાક્ષરથી પરિચિત હતા, ખાસ કરીને જ્યારે બંને સાક્ષીઓ ઉપલબ્ધ ન હોય ત્યારે.

વસિયતનામાના બે સાક્ષીઓની બિનઉપલબ્ધતા માટે પરમારે પોતાના બચાવમાં દલીલ કરી હતી કે જ્યારે તેમના પિતાએ વસિયતનો મુસદ્દો તૈયાર કર્યો ત્યારે તેઓ સગીર હતા અને તેમને એ પણ ખબર નથી કે આ પ્રક્રિયાના સાક્ષી કોણ છે.

**નરેશ પટેલ હજી મગનું નામ મરી નથી પાડતા**

# દિલ્હીથી આવીને કોંગ્રેસના દિગ્ગજ નેતા સાથે ગુપ્ત બેઠક

**ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા મનહર પટેલ અને અગ્રણીઓ તેમજ અન્ય સમાજના લોકોની બેઠક યોજાઇ**

રાજકોટ, તા.૨૪

નરેશ પટેલના રાજકારણમાં પ્રવેશ ને લઈ લોકો રાહ જોઈ રહ્યાં છે. તેમજ નરેશ પટેલને અનેક રાજકારણીઓ, તેમજ અનેક પાર્ટી અને અનેક સમાજના લોકો તેમની સાથે બેઠક કરી રહ્યાં છે, ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા મનહર પટેલ અને અગ્રણીઓ તેમજ અન્ય સમાજના લોકોની ખોડલધામ ખાતે નરેશ પટેલ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સામાજિક ચર્ચાઓ કરવામાં આવી હતી. તેમજ મનહર પટેલ તેમજ આગેવાનો દ્વારા નરેશ પટેલ રાજકારણમાં પ્રવેશ કરે તો ગુજરાતનું ભવિષ્ય ઊજળું બને તેવી લાગણી દર્શાવી હતી.

તેમણે કહ્યુ કે, તેઓ નરેશ પટેલને હૂંફ આપવા આવ્યા હતા. કોંગ્રેસ પ્રવક્તા મનહર પટેલ દ્વારા નિવેદન આપવામાં આવ્યું હતું કે, નરેશ પટેલ કોંગ્રેસમાં જોડાઈ અને ગુજરાતમાં ફરી સારા દિવસો આવશે. તો બીજી તરફ, નરેશ પટેલને રાજકીય પ્રવેશને લઈ પૂછવામાં આવ્યું ત્યારે ફરી એ જ રટણ કર્યું હતું કે સમય આવશે એટલે હું મારો નિર્ણય લોકો સમક્ષ મૂકીશ. આ માત્ર શુભેચ્છા મુલાકાત હતી. સમય આવશે ત્યારે રાજકારણ અંગે જાણ કરીશ.

હાર્દિક પટેલ અને નરેશ પટેલની ચર્ચા વચ્ચે આજે ગુજરાત કોંગ્રેસ દ્વારા ડાકોરમાં શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં હાર્દિક પટેલની ગેરહાજરી જોવા મળી હતી. આ વિશે મનહર પટેલ જણાવ્યું હતું કે હાર્દિક પટેલ કોઈ અન્ય કાર્યક્રમમાં વ્યસ્ત હોય જેમના લીધે તેમની ગેરહાજરી હોય શકે છે. ખોડલધામમાં મનહર પટેલ અને નરેશ પટેલ વચ્ચે આજે બેઠક મળી હતી. મનહર પટેલ અને નરેશ પટેલ વચ્ચે શુભેચ્છા મુલાકાત થઈ હતી. ત્યારે બંને વચ્ચેની આ મુલાકાત ફરી ચર્ચાનુ કેન્દ્ર બની છે. તમને જણાવી દઈએ કે, ગઈકાલે જ નરેશ પટેલ દિલ્હીથી રાજકોટમાં પરત ફર્યા છે. તેમણે દિલ્હીમાં કેટલા નેતાઓ સાથે મુલાકાત કરી હતી.

યાત્રાધામ ડાકોરમાં આજે ગુજરાત કોંગ્રેસનું શક્તિ પ્રદર્શન યોજાયુ હતું. સાથે જ પૂર્વ અધ્યક્ષ અમિત ચાવડાના જન્મદિવસની ઉજવણી પણ કરાઈ હતી. આજે કોંગ્રેસ નેતા અમિત ચાવડાના જન્મદિને અમિત ચાવડા સહિત ગુજરાત કોંગ્રેસની તમામ ટીમ ડાકોર પહોંચી હતી. કોંગ્રેસના નેતાઓએ ડાકોરના ઠાકોર રણછોડરાયજી દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. કોંગ્રેસના ગુજરાત પ્રભારી રઘુ શર્મા અને જગદીશ ઠાકોર, ભરત સિંહ સોલંકી સાથે ગુજરાત કોંગ્રેસના તમામ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જન્મદિને અમિત ચાવડાએ ડાકોરના રણછોડજી મંદિરમાં ૫૨ ગજની ધજા ચઢાવી હતી.

# કોવિડના દર્દીઓના ક્લેમ મંજૂર કરવામાં વીમા કંપનીના ગલ્લાંતલ્લાં

**ગ્રાહક પંચે અપાવ્યો ન્યાય : વીમા કંપનીઓના જાતજાતના બહાના : દર્દીને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર ન હતી તેમ કહીં દાવા ફગાવાય છે**

અમદાવાદ, તા.૨૪

હેલ્થ ઈન્શ્યોરન્સ કંપનીઓ કોવિડ માટેની સ્પેશિયલ પોલિસી વેચતી વખતે ગ્રાહકોને મોટા મોટા વચનો આપે છે, પરંતુ ક્લેમ કરવામાં આવે ત્યારે જાતજાતના બહાના કાઢીને ક્લેમ નામંજૂર કરતી હોય તેવું જોવા મળ્યું છે. કોવિડના દર્દીઓ જ્યારે સારવારના ખર્ચ માટે ક્લેમ કરે ત્યારે વીમા કંપનીઓ કોઈને કોઈ બહાના કાઢીને ક્લેમ નકારી કાઢવાનું પસંદ કરતી હોય તેવા ઘણા કિસ્સા ગ્રાહક પંચ સમક્ષ આવ્યા છે. જાણકારોના કહેવા પ્રમાણે કોવિડના કેસમાં નાણાં રિઈમ્બર્સ કરવામાં વીમા કંપનીઓ ગલ્લાંતલ્લાં કરે છે.

મોટા ભાગના કેસમાં વીમા કંપનીઓ એવું કહી દે છે કે દર્દીને કોવિડના હળવા લક્ષણો હતા અને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર ન હતી. એક દર્દીને હોમ આઈસોલેશનમાં મેળવેલી સારવાર બદલ પણ ક્લેમ મંજૂર કકરવામાં આવ્યો ન હતો અને વીમા કંપનીએ એવો દાવો કર્યો હતો કે તે હોસ્પિટલમાં દાખલ થયા ન હતા તેથી ક્લેમ મંજૂર થઈ ન શકે.

પાટણના રસિકભાઈ સોલંકીને ઓક્ટોબર ૨૦૨૦માં કોવિડ થતા તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ત્યાં તેમને એક લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. તેમણે ફ્યુચર જનરાલી ઈન્શ્યોરન્સ કંપની પાસેથી 'કોરોના રક્ષક' નામે એક સ્પેશિયલ કવર લીધું હતું પરંતુ તેમનો ક્લેમ એમ કહીને નકારી કાઢવામાં આવ્યો કે તેમને કોવિડના હળવાં લક્ષણો હતા તેથી હોસ્પિટલાઈઝેશનની જરૂર ન હતી. તેઓ ઘરમાં જ સારવાર કરાવી શક્યા હોત. જોકે, રસિકભાઈ વીમા કંપનીને પાટણ ગ્રાહક ફરિયાદ નિવારણ પંચમાં લઈ ગયા અને પંચે તેમને મેડિક્લેમની ફૂલ ચુકવણી કરવા વીમા કંપનીને આદેશ આપ્યો.

# સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે "નો યોર આર્મી" પ્રોગ્રામનું આયોજન




અમદાવાદ, તા.૨૪

શહેરીજનોને પર્યાવરણ અને નદી પ્રત્યે જાગૃતતા લાવવા માટે સાબરમતી નદીના પટાંગણમાં ઈન્ડિયન આર્મી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા સંયુક્ત રીતે શહેરીજનોને સૈનિક જીવનનો અનુભવ કરાવવા 'નો યોર આર્મી' પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરીજનો, આર્મીના જવાનો તેમજ એન.સી.સીના લોકો તેમજ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં આર્મીના જવાનો દ્વારા મિલિટ્રી પાઈપ બેન્ડ, બીટ બોક્સિંગ, સિંગિંગ, નૃત્ય તેમજ સરહદ પર ઉપયોગમાં આવતી વિવિધ યોજના તેમજ કરતબ દર્શાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ગોરખા રેજિમેન્ટ દ્વારા ખુકરી નૃત્ય પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે અમદાવાદ શહેરના મેયર કિરીટ પરમાર, મ્યુનિસિપલ કમિશનર લોચન સહેરા મેજર જનરલ મોહિત વાધવા, જનરલ ઓફિસર ઈન કમાન્ડિંગ, સા.રી.ફ્ર. ડે. કો. લીના ચેરમેન કેશવ વર્મા તેમજ ઉચ્ચઆધિકારીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## અધિકારી નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં ચોમાસા દરમ્યાન ૬ હજારથી વધુ ખાડાઓમાં તથા કન્સ્ટ્રક્શન સાઈટોમાં પણ મચ્છરોની ઉત્પત્તિ જોવા મળી રહી છે.

ગાંધીનગર શહેરને નિસ્બત છે ત્યાં સુધી અહિ સૌથી વધુ કન્સ્ટ્રક્શન સાઈટો ચાલે છે પણ તેમની સામે સિલીંગ કે દંડનીય કાર્યવાહી કરવા માટેના નિયમો છેલ્લા એક વર્ષ કરતાં પણ વધારે સમયથી સરકારની મંજૂરી માટે મોકલવામાં આવ્યા છે પણ તેને સરકારે મંજુરી ન આપી હોવાથી તંત્ર દાંત વગરના સિંહ જેવી સ્થિતિમાંથી પસાર થઈ રહેલ છે. શહેરમાં સૌથી વધુ સંવેદનશીલ વિસ્તાર નવા ભળેલા વિસ્તારો છે અહિ કન્સ્ટ્રક્શન સાઈટો સૌથી વધુ ચાલે છે તંત્ર જાય સમજૂત કરે અને બહુ વધીને નોટીસ આપી પરત ફરે છે પણ નક્કર કામગીરી થઈ શકતી નથી આ પણ એક વાસ્તવિકતા છે.

જુના શહેરમાં છ હજારથી વધુ ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ રહે છે પણ કાયમી કર્મચારીઓ નથી અને જે પગલાં લેવાવા જોઈએ તેટલી સઘનતાથી લેવામાં આવતા નથી. કુવો ત્યારે જ ખોદાય છે જ્યારે આગ લાગે તેવુ તંત્ર ચાલી રહ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં પણ છેલ્લા સવા વર્ષથી તંત્ર સાવ નિષ્ફળ રહ્યુ છે. ઈન્ચાર્જ અધિકારીઓને આ કામગીરી માટે પૂરતો સમય નથી હોતો અને સર્વેલન્સની કામગીરી પણ સારી રીતે થતી હોય તેવુ જણાતુ નથી. ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી એક પણ ગામ મેલેરિયાના દવા છંટકાવ માટે સંવેદનશીલ કેટેગરીમાં આવતુ નથી તે પણ એટલી જ સારી વાત છે.

## ગરમીનો પ્રકોપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે રજાનો દિવસ હોવાથી શહેરીજનો આકરી ગરમીથી બચવા માટે ઘરમાં જ રહ્યા હતા. જયારે રજા અને ગરમીની અસર વચ્ચે શહેરના જનજીવનમાં અનોખો ખાલીપો જોવા મળ્યો હતો. બપોરથી સાંજના સમય દરમિયાન સેકટરોની શેરીઓમાં ગરમીના લીધે સન્નાટો જોવા મળ્યો હતો જયારે શોપિંગ બજારમાં પણ બપોરના સમયે વેપારીઓ નવરાશની પળો માંણતા નજરે પડયા હતા. હવામાન વિભાગના મતે આગામી તા ૨૭ એપ્રિલ સુધી ગરમી આક્રમક રહેશે. જયારે હજુ પણ ગરમીનુ પ્રમાણ વધવાની સંભાવના છે. હાલ સતત ગરમી વધતા નગરજનો અંગ દઝાડતા તાપથી રક્ષણ મેળવવા માટે નાછુટકે જ ઘરની બહાર નિકળે છે. જયારે દ્વિચક્રી વાહનચાલકો પણ મોં પર બુકાની કે રૂમાલ તેમજ માથે ટોપી અને ચશ્મા પહેરીને સંપુર્ણ અંગ ઢાંકીને બહાર જતા જોવા મળે છે. આકરી ગરમીના લીધે સનસ્ટ્રોકના કેસ વધ્યા છે. સ્કીનના દર્દીઓ પણ આકરા તાપથી વિપરિત અસર અનુભવી રહ્યા છે. આકરી ગરમીમાં લું લાગવાના કિસ્સા પણ વધતા સેકટરવાસીઓમાં ઝાડા ઉલ્ટી સહીતની ફરિયાદો વધી છે. જેના લીધે નગરના તબીબોએ પણ કામ સિવાય ઘરની બહાર ન નિકળવા માટે સલાહ આપી છે. મહત્તમ તાપમાન વધવાની સાથે ધીમે ધીમે લઘુત્તમ તાપમાન પણ ઉંચકાઈ રહ્યુ છે. જેના લીધે દિવસની સાથે રાત્રિના સમયે પણ ગરમીની અસર વર્તાય છે. જયારે હજુ પણ ગરમી વધવાની સંભાવના છે. જેથી નગરજનોએ હીટવેવની અસરથી બચવા માટે યોગ્ય તકેદારી રાખવી અનિવાર્ય છે. સેકટરવાસીઓએ આકરા તાપમાં કામ સિવાય ઘરની બહાર ન નિકળવા માટે પણ જણાંવાયુ છે. ઉનાળાની સિઝન નિખરતા હવે બોર્ડ પરીક્ષાના અંતે શહેરમાં રાત્રિના સમયે અનોખો નઝારો જોવા મળે છે. દિવસની કાતિલ ગરમીના અંતે શહેરીજનો રાત્રિના સમયે બહાર ટહેલવા નિકળી પડે છે. રાત્રિના સમયે પણ આઈસ્ક્રીમ પાર્લરો બરફ ગોલા અને શેરડીના રસના કોલા પર ઠંડા થવા માટે નગરજનોની ભીડના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત સેકટરોના ઉદ્યાનોમાં પણ રાત્રિના સમયે સેકટરવાસીઓ ખુલ્લી હવામાં ઠંડક માંણતા નજરે પડે છે.

## બંધ ફુવારા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહેરો નથી જેના લીધે રોજબરોજ આડેધડ વાહનોનો ખડકલો થાય છે. આ સ્થિતિ નિવારવા માટે પણ યોગ્ય પગલા લેવાય તે અનિવાર્ય છે. આ મામલે સ્થાનિક વેપારીઓમાં પણ રોષ પ્રવર્તયો છે. સે-૨૧ ના મુખ્ય શોપિંગ સેન્ટરમાં હજુ શાકમાર્કેટ પાસે પાર્કીંગનો પ્રશ્ન યથાવત છે. આખો વિસ્તાર દબાણથી ઘેરાયેલો છે જેના લીધે ખુલ્લી જગ્યાના અભાવ વચ્ચે વાહન પાર્કીંગની વ્યવસ્થા અને આયોજન ખોરવાઈ ગયુ છે. આ માટે શાકમાર્કેટ તેમજ શોપિંગ વિસ્તારમાં પાર્કીંગની વ્યવસ્થા રેગ્યુલરાઈઝ કરવા માટે સિક્યુરીટીનો પહેરો ગોઠવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

## પ્રબળ માંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જેના લીધે વાહનો પાર્ક કરવા માટે મુલાકાતીઓએ ગોથે ચઢવાનો વારો આવે છે. મુખ્યમાર્ગ કરતા સર્વિસ રોડ પર ટ્રાફિકનુ ભારણ વધી ગયુ હોય તેવી સ્થિતિ છે. જેના પાછળ આડેધડ પાર્કીંગ તેમજ જગ્યાનો અભાવ પણ જવાબદાર છે. છેલ્લા કેટલાક સમયથી સર્વિસ રોડ પર ઘ-૫ પાસે સ્થિત પેટ્રોલ પંપ પર એસ ટી ની બસો પણ ડીઝલ ભરાવવા માટે આવે છે. આ સ્થિતિ વચ્ચે રોજબરોજ ટ્રાફિક જામ થઈ જાય છે. સાંકડા માર્ગ પર એસ ટી બસો દોડતા ટ્રાફિકની અવરજવર બંધ થઈ જાય છે. બીજીતરફ માર્ગ પર ગમે ત્યાં વાહનો ખડકી દેવાતા પણ ટ્રાફિકમાં અડચણ ઉભી થાય છે. ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરવાની સાથે તેને સમાંતર સર્વિસ રોડનુ પણ વાઈડનીંગ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.